ગૌસેવા મંડળ સાથે સેવાકીય પ્રવૃત્તિઓ માટે MOU નો વિસ્તૃત અહેવાલ (10/08/2026)

જામજોધપુર ખાતે ગૌ સેવા મંડળ દ્વારા વર્ષોથી ચાલતા સેવા કાર્યોને વધુ વ્યાપક બનાવવા તેમજ કૉલેજના વિદ્યાર્થીઓમાં સેવાભાવનાનો વિકાસ થાય તેવા શુભ હેતુથી તા. ૧૦ સોમવારના રોજ એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગૌ સેવા મંડળ તથા શ્રીમતી એ. વી. ડી. એસ. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, જામજોધપુર વચ્ચે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં પરસ્પર સહયોગ માટે સમજૂતી કરાર (MOU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ગૌ સેવા મંડળના પ્રમુખ કાંતિભાઈ રામોલિયા, ટ્રસ્ટીઓ ચીમનભાઈ સાપરિયા, રમેશભાઈ કાલરીયા, ભુપતભાઈ બાણુંગરીયા, વેટરનીટી ઓફિસર ડૉ. શુભમ પટેલ અને ગૌશાળાના મંત્રી દિનેશભાઈ બકોરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ કરાર વખતે કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. અલ્કેશ વાછાણી, પ્રો. કમલેશભાઈ પટેલ, પ્રો. નિલેશભાઈ ઠકરાર તેમજ કૉલેજના અન્ય સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બંને સંસ્થાઓ વચ્ચે થયેલા આ MOU અંતર્ગત કૉલેજના એન.એસ.એસ. (NSS) વિભાગના સ્વયંસેવકો ગૌશાળા દ્વારા આયોજિત વિવિધ સેવાકીય અને સામાજિક કાર્યોમાં સક્રિયપણે સહભાગી બનશે. આ સમજૂતી કરારથી કૉલેજના યુવાનોમાં પશુસેવા અને સામાજિક ઉત્તરદાયિત્વની ભાવના વધુ પ્રબળ બનશે તેમજ ગૌ સેવા મંડળના કાર્યોને યુવા શક્તિનો સહયોગ સાંપડશે

Detailed report of MOU for service activities with Gau Seva Mandal (10/08/2026)

A special program was organized on Monday, 10th, with the auspicious purpose of expanding the service activities being carried out by Gau Seva Mandal at Jamjodhpur over the years and developing the spirit of service among the students of the college. On this occasion, a Memorandum of Understanding (MOU) was signed between Gau Seva Mandal and Smt. A. V. D. S. Arts and Commerce College, Jamjodhpur for mutual cooperation in various service activities. Gau Seva Mandal President Kantibhai Ramolia, Trustees Chimanbhai Saparia, Rameshbhai Kalaria, Bhupatbhai Banugariya, Veterinary Officer Dr. Shubham Patel and Gaushala Minister Dineshbhai Bakori were specially present in this program.

College Principal Dr. Alkesh Vachani, Prof. Kamleshbhai Patel, Prof. Nileshbhai Thakrar as well as other staff friends and students of the college were present in large numbers. Under this MOU signed between the two institutions, the volunteers of the NSS department of the college will actively participate in various service and social activities organized by the Gaushala. This MoU will further strengthen the spirit of animal service and social responsibility among the youth of the college and will also provide support to the activities of the Gau Seva Mandal with the support of youth power.

Photos of MOU









News and Press Release of MOU

ગૌસેવા મંડળ તથા એ.વી.ડી.એસ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જામજોધપુર વચ્ચે સેવાકીય પ્રવૃત્તિઓ માટે એમઓયુ થયાં



(આઝાદ સંદેશ), જામજોધપુર : ગૌ સેવામંડળ જામજોધપુર દ્વારા વર્ષોથી ચાલતા સેવા કાર્યમાં એ. વી.ડી. એસ., આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ જામજોધપુર, કોલેજના વિદ્યાર્થીઓનું સેવાકીય કાર્યને વધુ વ્યાપક બનાવવા તથા કોલેજના વિદ્યાર્થીઓમાં સેવાભાવ વિકસે તે હેતુથી તા. ૧૦ સોમવારના રોજ જામજોધપુર ખાતે ગૌ સેવા મંડળના પ્રમુખ કાંતિભાઈ રામોલિયા, તેમજ અન્ય ટ્રસ્ટી ચીમનભાઈ સાપરિયા, રમેશભાઈ કાલરીયા , ભુપતભાઈ બાણુંગરીયા, વેટરનીટી ઓફિસર ડો. શુભમ પટેલ, ગૌશાળાના મંત્રી દિનેશભાઈ બકોરી, કોલેજ તરફથી પ્રિન્સિપાલ ડો.અલ્કેશ વાછાણી પ્રો. કમલેશભાઈ પટેલ, પ્રો. નિલેશભાઈ ઠકરાર તેમજ કોલેજના અન્ય સ્ટાફ મિત્રો તથા વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં બંને સંસ્થાઓ વચ્ચે સેવાકીય પ્રવૃત્તિઓ માટે MOU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ ખઘત્ર અંતર્ગત કોલેજના NSS વિભાગના સ્વયંસેવકો ગૌશાળા દ્વારા આયોજિત વિવિધ સેવાકીય કાર્યોમાં સક્રિય સહભાગી બનશે.



જામજોધપુરમાં ગૌસેવા મંડળ અને એ.વી.ડી.એસ. કોલેજ વચ્ચે MOU

સેવાકીય કાર્યોમાં વિદ્યાર્થીઓ સહભાગી બનશે

(ભરત ગોહેલ)

જામજોધપુર, તા.૧૨

ગૌસેવા મંડળ તથા એ.વી.ડી.એસ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વચ્ચે સેવાકીય પ્રવૃત્તિઓ માટે MOU થયાં છે.

ગૌ સેવામંડળ દ્વારા વર્ષોથી ચાલતા સેવા કાર્યમાં એ.વી.ડી. એસ., આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓનું સેવાકીય કાર્યને વધુ વ્યાપક બનાવવા તથા કોલેજના વિદ્યાર્થીઓમાં સેવાભાવ વિકસે તે હેતુથી આ કરાર કરવામાં આવેલ છે. આ પ્રસંગે જામજોધપુર ખાતે ગૌ સેવા મંડળના પ્રમુખ કાંતિભાઈ રામોલિયા, તેમજ અન્ય ટ્રસ્ટી ચીમનભાઈ સાપરિયા, રમેશભાઈ કાલરીયા, ભુપતભાઈ બાણુંગરીયા, વેટરનીટી ઓફિસર ડો. શુભમ પટેલ, ગૌશાળાના મંત્રી દિનેશભાઈ બકોરી, કોલેજ તરફથી પ્રિન્સિપાલ ડો.અલ્કેશ વાછાણી પ્રો. કમલેશભાઈ પટેલ, પ્રો. નિલેશભાઈ ઠકરાર તેમજ કોલેજના અન્ય સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

બંને સંસ્થાઓ વચ્ચે સેવાકીય પ્રવૃત્તિઓ માટે MOU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

આ MOU અંતર્ગત કોલેજના NSS વિભાગના સ્વયંસેવકો ગૌશાળા દ્વારા આયોજિત વિવિધ સેવાકીય કાર્યોમાં સક્રિય સહભાગી બનશે.